
# ન્યુ જર્સીમાં મંકીપોક્સ રસીકરણ

મંકીપોક્સ માટેની રસીને **JYNNEOS** કહેવામાં આવે છે.


ન્યુ જર્સીમાં JYNNEOS રસીના વર્તમાન મર્યાદિત પુરવઠાના લીધે, **નીચેના રહેવાસીઓ રસીકરણ માટે પાત્ર હોઈ શકે છે***. જેઓ:



છેલ્લા 14 દિવસમાં ઓર્થોપોક્સ વાયરસ અથવા મંકીપોક્સ વાયરસ માટે સકારાત્મક પરીક્ષણ કરનાર વ્યક્તિ સાથે સંપર્કમાં આવ્યા હોય



એવા પ્રસંગમાં હાજરી આપી કે જ્યાં છેલ્લા 14 દિવસમાં મંકીપોક્સ એક્સપોઝર ઉજાગર થયું



છેલ્લા 14 દિવસમાં મંકીપોક્સની જાણ થઈ હોય તેવા વિસ્તારોમાં બહુવિધ સેક્સ પાર્ટનર્સ હતા

કોઈપણ કે જેઓ તેમની પાત્રતા જાહેર કરે છે (એકથી વધુ જાતીય પાર્ટનર હોય અથવા એવી ઇવેન્ટમાં હાજરી આપે જ્યાં મંકીપોક્સનું એક્સપોઝર થયું હોય) તે રસીકરણ માટે પાત્ર છે.

વર્તમાન રસીકરણના પ્રયાસો અપ્રમાણસર અસરગ્રસ્ત જૂથો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં ગે અને બાયસેક્સ્યુઅલ પુરૂષો અને અન્ય પુરૂષો કે જેઓ પુરુષો સાથે સેક્સ કરે છે. આ સમય સાથે બદલાઈ શકે છે.

*ન્યુ જર્સી રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્રો(Centers for Disease Control and Prevention, CDC) પાસેથી વધારાના ડોઝની અપેક્ષા રાખી રહ્યું છે. જેમ જેમ રાજ્યને વધારાનો પુરવઠો મળશે તેમ, વિભાગ રસીની પહોંચને વિસ્તારવાનું ચાલુ રાખશે.

**વધુ માહિતી અને રસીના સ્થાનો માટે, મુલાકાત લો**
**https://bit.ly/njmpx**
**અથવા QR કોડ સ્કેન કરો:**

NJ Health
New Jersey Department of Health



# મંકીપોક્સ:

## તમારે શું જાણવાની જરૂર છે

**મંકીપોક્સ એ વાયરસને કારણે થતો ચેપ છે. લક્ષણો હળવા હોઈ શકે છે, પરંતુ કેટલાક કેસ વધુ ગંભીર હોઈ શકે છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડે છે.**

**સુરક્ષિત રહેવા માટે તમારે જે જાણવાની જરૂર છે તે અહીં છે અને આ ચેપના ફેલાવાને અટકાવે છે.**

## મંકીપોક્સના લક્ષણો શું છે?



**લક્ષણોમાં શામેલ હોઈ શકે છે:**

- ફોલ્લીઓ, બમ્પ્સ અથવા ફોલ્લાઓ જે જનનાંગો અથવા અન્ય વિસ્તારો પર અથવા તેની આસપાસ હોઈ શકે છે (જેમ કે હાથ, પગ, ચહેરો અથવા છાતી)

- તેઓ સામાન્ય સેક્સ્યુઅલી ટ્રાન્સમિટેડ ચેપ અથવા દાદર અથવા ઝેરી આઇવી જેવા અન્ય ચામડીના ફોલ્લીઓ જેવા દેખાઈ શકે છે.

- ફોલ્લીઓ પહેલા ફ્લૂ જેવા લક્ષણો આવી શકે છે જેમ કે તાવ, માથા અને શરીરમાં દુખાવો, લસિકા ગાંઠોમાં સોજો અને શરદી



## મંકીપોક્સ કેવી રીતે ફેલાય છે?

મંકીપોક્સ લોકો વચ્ચેના નજીકના, શારીરિક સંપર્ક દ્વારા ફેલાય છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:



મંકીપોક્સની ફોલ્લીઓ સાથે સીધો સંપર્ક



લાંબા સમય સુધી, પ્રત્યેક્ષ સંપર્ક અથવા ગાઢ શારીરિક સંપર્ક, જેમ કે ચુંબન, આલિંગન અથવા સેક્સ દરમિયાન લાળ અથવા મુખરસ (થૂંક).



મંકીપોક્સ ધરાવતી વ્યક્તિ દ્વારા ઉપયોગમાં લેવાતી વસ્તુઓ જેમ કે ટુવાલ, બેડ લેનિન અને કપડાંને સ્પર્શ કરવો

મંકીપોક્સ લક્ષણો શરૂ થાય ત્યારથી ફોલ્લીઓ સંપૂર્ણપણે રૂઝાઈ ન જાય અને ત્વચાનું તાજું પડ ન બને ત્યાં સુધી ફેલાઈ શકે છે.

## મંકીપોક્સ કેવી રીતે અટકાવી શકાય?




તમારા જાતીય ભાગીદારોને પૂછો કે શું તેમને મંકીપોક્સના ફોલ્લીઓ અથવા અન્ય લક્ષણો છે



ફોલ્લીઓ અથવા મંકીપોક્સના અન્ય લક્ષણો ધરાવતા કોઈપણ વ્યક્તિ સાથે ચામડીથી ચામડીના સંપર્કને ટાળો



પથારી, ટુવાલ, કપડાં અથવા ચેપગ્રસ્ત વ્યક્તિ દ્વારા ઉપયોગમાં લેવાતી અન્ય વસ્તુઓ જેવી સામગ્રી સાથે સંપર્ક ટાળો



તમારા હાથને સાબુ અને પાણીથી સારી રીતે ધોઈ લો અથવા ચેપગ્રસ્ત લોકોના સંપર્ક પછી આલ્કોહોલ વાળા હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ કરો

## જો મને લક્ષણો હોય અથવા મને લાગે કે મને મંકીપોક્સ છે તો મારે શું કરવું જોઈએ?

જો તમને મંકીપોક્સના કોઈપણ લક્ષણો હોય, તો તરત જ તમારા **આરોગ્યસંભાળ પ્રદાતા, તાત્કાલિક સંભાળ કેન્દ્ર અથવા હોસ્પિટલનો** સંપર્ક કરો

- તમે જાઓ તે પહેલાં કૉલ કરો જેથી તેઓ તમને અન્ય લોકોથી અલગ રાખવા માટે તૈયાર થઈ શકે.
- માસ્ક પહેરવાનું સુનિશ્ચિત કરો અને બને તેટલું જખમ ઢાંકો
    - તમારા આરોગ્યસંભાળ પ્રદાતાને જણાવો કે જો તમે તાજેતરમાં મુસાફરી કરી હોય, સમાન ફોલ્લીઓ ધરાવતી વ્યક્તિ સાથે સંપર્ક કર્યો હોય અથવા મંકીપોક્સ હોવાનું નિદાન થયું હોય.
    - જો તમારા આરોગ્યસંભાળ પ્રદાતા દ્વારા ભલામણ કરવામાં આવે તો પરીક્ષણ કરાવો; પરીક્ષણમાં ફોલ્લીઓના સ્વેબ એકત્રિત કરવાનો સમાવેશ થાય છે
    - જ્યારે ટેસ્ટના પરિણામો બાકી હોય ત્યારે ઘરે અલગ રહો



## જો તમારા પરિક્ષણનું પરિણામ સકારાત્મક આવે તો શું કરવું?

- ✓ જ્યાં સુધી બધા જખમનું નિરાકરણ ન થાય, પોપડી ખરી ન જાય, અને પૂર્ણ ત્વચાનું નવું પડ બને ત્યાં સુધી અલગ રહો (સામાન્ય રીતે 2-4 અઠવાડિયા).
- ✓ કટોકટી અથવા ફોલો-અપ તબીબી સંભાળ માટે જરૂરી સિવાય ઘરે રહો.
- ✓ જો શક્ય હોય તો, એક જ ઘરમાં રહેતા અન્ય લોકો હોય તો અલગ બાથરૂમનો ઉપયોગ કરો.
- ✓ જો તમારે ઘરના અન્ય લોકોની આસપાસ રહેવાની જરૂર હોય તો સારી રીતે ફિટિંગ માસ્ક અથવા રેસ્પિરેટર પહેરો.
- ✓ EPA-રજિસ્ટર્ડ જંતુનાશકનો ઉપયોગ કરીને સામાન્ય રીતે સ્પર્શેલી સપાટીઓને નિયમિતપણે સાફ અને જંતુમુક્ત કરો.
- ✓ સાબુ અને પાણીથી હાથ ધોવા અને ઓછામાં ઓછા 60% આલ્કોહોલ વાળા હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ કરો.
- ✗ તમામ જાતીય પ્રવૃત્તિથી દૂર રહો
- ✗ ઘરના અન્ય લોકો અને પાલતુ પ્રાણીઓ સાથે ગાઢ સંપર્ક ટાળો.
- ✗ આંખના ચેપને રોકવા માટે કોન્ટેક્ટ લેન્સનો ઉપયોગ ટાળો.
- ✗ વાયરસના ફેલાવાને રોકવા માટે શરીરના ફોલ્લા અથવા જખમવાળા વિસ્તારોને શેવ કરવાનું ટાળો.

## જો મને લાગે કે હું મંકીપોક્સના સંપર્કમાં આવ્યો/આવી છું તો મારે શું કરવું જોઈએ?





તમારા સ્થાનિક આરોગ્ય વિભાગનો તરત જ સંપર્ક કરો



જો જાહેર આરોગ્ય અધિકારી દ્વારા ભલામણ કરવામાં આવે તો રસી લો



21 દિવસ માટે લક્ષણોનું નિરીક્ષણ કરો